સાબરમતી પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોન નંબર : ૦૭૯-૨૭૫૦૬૮૧૯

# પ્રેસનોટ

## દોઢ વર્ષની માસુમ બાળકીનું અપહરણ કરનાર આરોપી તથા બાળકીને ગણતરીના કલાકોમાં શોધી કાઢી આરોપીની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

આજરોજ સવારના આશરે સાડા છ થી સાત વાગ્યાના સમય દરમ્યાન સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સરસ્વતી નગર ન્યુ રાણીપ ખાતે એક દોઢ વર્ષની બાળકીના ગુમ/અપહરણનો મેસેજ મળતા સાબરમતી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચેલ અને આજુબાજુના વિસ્તારમાં બાળકીની શોધખોળ શરૂ કરેલ અને અજાણ્યા ઇસમ વિરુદ્ધ સાબરમતી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૭૦/૧૯ ઇ.પી.કો. ક.૩૬૩ વિ. મુજબનો ગુનો રજી. કરેલ જે અન્વયે માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ નાઓએ ગુનાની ગંભીરતા ધ્યાને લઇ કોઇ પણ સંજોગોમાં બાળકીને શોધી કાઢવા આપેલ આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એલ” ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળેલ માર્ગદર્શન અનુસાર પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓની દોરવણી હેઠળ સાબરમતી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ તથા અન્ય સ્ટાફની જુદી-જુદી ટીમો બનાવી બાળકીની શોધખોળ હાથ ધરેલ અને બાળકીના ફોટા સાથેની વિગત સોશીયલ મીડીયામાં પણ શેર કરેલ જે આધારે નરોડા પોલીસને આ બાળકી તથા તેનું અપહરણ કરનાર આરોપી સંજયકુમાર બલુસિંહ પરમાર એક જાગ્રુત નાગરીકની મદદથી મળી આવતા સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે જાણ કરતા બાળકી તથા આરોપીનો કબજો મેળવી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આમ સાબરમતી તથા નરોડા પોલીસ સ્ટેશનના સ્ટાફના સંયુક્ત પ્રયાસથી દોઢ વર્ષની માસુમ બાળકીનું અપહરણ કરનાર આરોપી તથા બાળકીને ગણતરીના કલાકોમાં શોધી કાઢવામાં અમદાવાદ શહેર પોલીસને સફળતા મળેલ છે.

તા.૧૦-૧૧-૨૦૧૯


Gujarat Police
Ahmedabad city
ગુજરાત પોલીસ
SABARMATI POLICE STATION